


## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭


# ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન વિશેષાંક-૨૦૨૩

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

## ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન

તા. ૩૧-૧૨-૨૦૨૩ને રવિવાર

સ્થળ – ઇપ્કોવાલા હોલ, નડિયાદ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ

**૩૪મું રાષ્ટ્રીય અધિવેશન. તા. ૩૧-૧૨-૨૦૨૩**

**સ્થળ – ઇપ્કોવાલા હોલ, નડિયાદ**

### અધિવેશન કાર્યક્રમ

### પ્રથમ સત્ર

| સમય | માહિતી |
|---|---|
| ૧૦.૦૦ થી ૧૦.૧૦ | દિપ પ્રાગટ્ય – ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ |
| ૧૦.૧૦ થી ૧૦.૨૦ | સ્વાગત પ્રવચન – પ્રમુખશ્રી કિરીટકુમાર દવે |
| ૧૦.૨૦ થી ૧૦.૩૦ | સ્વાગત પ્રવચન – અધ્યક્ષશ્રી મૌલેશભાઈ મહેતા |
| ૧૦.૩૦ થી ૧૦.૫૦ | સંસ્થાનો અહેવાલ – મંત્રીશ્રી સમીરભાઈ દવે |
| ૧૦.૫૦ થી ૧૧.૦૦ | ઉદ્‌ઘાટકશ્રીનું ઉદ્‌બોધન – ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ |
| ૧૧.૦૦ થી ૧૨.૩૦ | શ્રી સંજયભાઈ રાવલ – કી-નોટ સ્પીકર |
| ૧૨.૩૦ થી ૧૨.૫૦ | અતિથિ વિશેષશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૧૨.૫૦ થી ૦૧.૦૦ | મુખ્ય મહેમાનશ્રીઓનું ઉદ્‌બોધન |
| ૦૧.૦૦ થી ૦૧.૧૦ | આભાર વિધી, ઉપપ્રમુખશ્રી પ્રણવભાઈ જોષી |
| ૦૧.૧૦ થી ૦૨.૧૦ | ભોજન વિરામ |
| ૦૨.૧૦ થી ૦૨.૩૦ | ગામે ગામના પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનું સન્માન<br>હિતવર્ધક સભાના કારોબારી સભ્યશ્રીઓનું સન્માન |

### દ્વિતીય સત્ર

| સમય | માહિતી |
|---|---|
| ૦૨.૩૦ થી ૦૫.૦૦ | મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા |
| ૦૫.૦૦ થી ૦૫.૧૫ | અધિવેશન સમાપન |
| ૦૫.૧૫ થી ૦૫.૩૦ | ચા-કૉફી |

**ખાસ નોંધ : અધિવેશન સમાપન વખતે સંભારણારૂપે હાજર રહેલા ડેલીગેટ્‌સને જ સંભારણું મળશે. વ્યક્તિદીઠ એક જ સંભારણું આપવામાં આવશે.જેથી કરીને કોઈના પાસ ઉઘરાવી સંભારણું લેવા આવવાનો પ્રયત્ન કરવો નહીં અને આયોજકોને સંયમ રાખી સહકાર આપવો.**

## બાજખેડાવાળ પત્રિકા માટે

BAJKHEDAWAL PATRIKA2

WhatsApp group

સૌ જ્ઞાતિજનોને જણાવવાનું કે હવે પછી વ્હોટસ એપના માધ્યમથી પણ સૌ જ્ઞાતિજનોને 'બાજખેડાવાળ પત્રિકા' મળશે જેનો કોઈ ચાર્જ લેવાનો નથી.

આ પત્રિકામાં ક્યુ. આર. કોડ આપેલો છે જે સ્કેન કરવાથી આપને આપો આપ દર મહિને પત્રિકા વ્હોટસ એપ માધ્યમથી મળી જશે અને આ ક્યૂ. આર. કોડની માહિતી ગામે ગામના પ્રમુખોને તથા ગામે ગામના મંડળની ઓફિસે ક્યૂ.આર. કોડથી સ્કેન કરી શકશો.

**અગાઉ ગ્રુપ -૧ માં જે મેમ્બર જોડાયા હોય તેઓએ આ ગ્રુપમાં જોડાવું નહીં. તેમાં મેમ્બર થઈ ગયેથી આ ગ્રુપ-૨ બનાવવામાં આવેલ છે.**

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન - નડિયાદ, તા. ૩૧, ડિસેમ્બર, ૨૦૨૩
## પ્રમુખશ્રીનું નિવેદન શ્રી કિરીટકુમાર એમ. દવે
## તથા પ્રમુખ શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી – વિદ્યાનગર
## તથા પ્રમુખ શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ



શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા શરૂ કરનાર ભૂતપૂર્વ હોદ્દેદારો જ્ઞાતિજનો દ્વારા જે-તે સમયે સુંદર વિચાર ઉદ્‌ભવેલો જ્ઞાતિ સમાજની વિધવા ત્યક્તા બહેનોને કોઈની સામે હાથ લંબાવવો ના પડે અને તેઓને આર્થિક મદદ સંસ્થાની આવકની મર્યાદામાં રહીને કરી શકાય જેથી કરીને તેમનું જીવન ગુજરાન ચલાવવામાં મદદરૂપ થઈ શકે.

સાથે-સાથે બાજખેડાવાળ દિર્ઘદ્રષ્ટા, સ્પષ્ટ વક્તા તથા પોતાની રકમનું વધુમાં વધુ વળતર કેવી રીતે મળે તેનું પણ ધ્યાન રાખતો હોય આવા સંજોગોમાં વિશિષ્ટ સહાય ફંડમાં આવતી રકમની ફિક્સ ડિપોઝીટ કરી તેના વ્યાજમાંથી જ જ્ઞાતિના બહેનોને મદદરૂપ થવાનો અભિગમ શરૂ કરેલ જે રૂ. ૩૦/- થી શરૂ કરી ૨૦૦૪માં રૂ. ૧૮૦/- ચૂકવાતા હતા ૨૦૦૪થી અવિરત પણે નિયમિત રીતે અધિવેશનો કરવાની શરૂઆત થઈ. અધિવેશનની આવકમાંથી ખર્ચ બાદ કરી વધેલી રકમ વિશિષ્ટ સહાય ફંડમાં લઈ જવામાં આવતી હતી. જે વધતા-વધતા ચાલુ સાલે તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ રૂ. ૨ કરોડ ૫ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)

આવા સંજોગમાં આ રકમમાં આપણે ચાલુ સાલે રૂ. ૧૩૦૦/- માંથી રૂ. ૨૦૦૦/- તા. ૦૧-૦૮-૨૦૨૨થી પ્રત્યેક માસે આપવાની શરૂઆત કરી છે. અંદાજિત ૫૫ બહેનોને હવે પછી મહિને રૂ. ૧,૧૦,૦૦૦/-ની રકમ વિશિષ્ટ સહાય પેટે ચૂકવાય છે. આમ વાર્ષિક રૂ. ૧૩,૨૦,૦૦૦/- પ્રત્યેક વર્ષે ચૂકવાશે.

આ જે કંઈ વધારો છે તે જે-તે વર્ષોના હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા જ્ઞાતિ સમાજના ઉદાર હાથે દાન આપનાર દાતાશ્રીઓ (ભામાશાશ્રીઓ)ને આભારી છે.

૧૬મું રાષ્ટ્રીય અધિવેશન જબલપુર મુકામે ૨૦૦૨માં યોજાએલ ત્યારબાદ ૨૦૦૪માં હું પ્રમુખ થયો ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં ૧૭મું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન ક્ષીરજામ્બા મુકામે યોજવાનું નક્કી થયેલ તે વખતે હૃદયના એક ખૂણામાં એવી ચિંતા હતી કે અધિવેશન કરવાથી કદાચ ખર્ચ કરતાં આવક ઓછી થશે તો ઘરના રૂપિયા જોડવાના આવશે. પરંતુ ક્ષીરજામ્બા માતાજીના અસીમ આશીર્વાદથી રૂ. ૧,૭૩,૦૦૦/- જેવી માતબર રકમ ખર્ચ કરતા આવકનો વધારો થયો આવા સંજોગોમાં પ્રમુખને હોદ્દેદારો તથા કારોબારીના સભ્યોનું સહકાર મળતો





રહ્યો. “મોર જેમ પીંછાથી રળિયામળો” હોય તે મારા સાથી કાર્યકરોએ આ યોજનાર ૩૪માં અધિવેશનમાં પણ મન-કર્મ-વચનથી આર્થિક-માનસિક-શારિરીક રીતે મને સતત મદદ કરતા રહ્યા છે. (મને એટલે જ્ઞાતિ સમાજને એમ સમજવું) જેના કારણે આપણે વિશિષ્ટ સહાયમાં ઉત્તરોત્તર વધારો કરી રહ્યા છીએ.

આ તબક્કે સમગ્ર સમાજને મારે જણાવવાનું કે ટ્રસ્ટીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ વર્ષોપર્યંત ગામેગામ યોજાતી મિટીંગોમાં, મેળાવડામાં સ્વખર્ચે જાય છે અને અધિવેશનમાં દરેક ગામના મંડળો દ્વારા વધુમાં વધુ સભ્યો હાજર રહે એવા પ્રયત્નોના ભાગરૂપે અધિવેશનના પાસનું વિતરણ પણ કરે છે. જેના કારણે તેઓના અથાગ પ્રયત્નોથી અવિરત સફળતાઓ મળતી રહી છે અને ભવિષ્યમાં પણ મળશે તેમાં શંકાને સ્થાન નથી.

૩૫માં રાષ્ટ્રીય અધિવેશનની જાહેરાત પહેલા જ માતાજીના આશીર્વાદથી અલગ-અલગ સૌજન્યો તથા દાતાશ્રીઓ મળી અંદાજિત રૂ. ૫,૦૦,૦૦૦/- લાખની જાહેરાતો થયેલ છે અને આજના દિવસમાં હાજર રહેલા સભ્યો તરફથી વધુ સહકાર મળશે તેવી અપેક્ષા રાખુ છું.

અંતમાં ૩૪માં રાષ્ટ્રીય અધિવેશનને સફળ બનાવવા બદલ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી પ્રમુખશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વલ્લભ વિદ્યાનગરના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા સમગ્ર ભારત ભરના ગામેગામના મંડળના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે ઉદ્‌ઘાટકશ્રી, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓ, શુભેચ્છકશ્રીઓ, ટૂંકમાં આ અધિવેશનમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌનો આ તબક્કે હું આભાર માનું છું અને અહેસાનની લાગણી વ્યક્ત કરું છું.

આ તબક્કે એક એવી વ્યક્તિને આપણે યાદ કરવી પડે કે જેઓએ હું પ્રમુખ થયો (૨૦૦૪)થી મને આ પ્રવૃત્તિમાં ખૂબ જ મોટું બળ પૂરૂં પાડનાર દિવ્યાંગ અરવિંદભાઈ દવે તથા ફાલ્ગુનીબેન દિવ્યાંગભાઈ દવે તથા સ્વ. અરવિંદભાઈ એસ. દવે તથા સ્વ. ઈન્દિરાબેન એ. દવે દ્વારા મને દરે વર્ષે રૂ. ૧,૦૦,૦૦૦/-ની રકમ તેઓના સ્વજનશ્રી હેમંતભાઈ શેલત-ગાંધીનગર દ્વારા વગર માંગે દર વર્ષે અવિરતપણે મળતી રહી છે. પ્રસંગોપાત આ રકમમાં વધારો પણ થયેલ છે. અત્યાર સુધીના હિતવર્ધક સભાના દાતાશ્રીઓમાં એક જ વ્યક્તિ તરફથી મળેલ અંદાજિત રકમ રૂ. ૨૩ લાખ જે અવિસ્મરણીય છે અને ભવિષ્યમાં પણ તેઓ જ્યાં સુધી ના પાડે નહીં ત્યાં સુધી પ્રત્યેક વર્ષે રૂ. ૧ લાખ અવિરત પણે મળતા રહેશે આ તબક્કે તેઓશ્રીઓનો પણ સંસ્થા આભાર માને છે. પૈસા હોવા અને પૈસા સારા માર્ગે વાપરવા એનું આ એક જ્ઞાતિ સમાજ માટેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. સંસ્થા ક્યારેય આ રકમ માગવા ગઈ નથી દર વર્ષે આ રકમ અધિવેશન બંધ હોવા છતાં (કોરોનાને કારણે) ડિસેમ્બર આખરમાં મોકલી આપે છે.

આ અધિવેશનની આવક અંદાજિત ૯,૭૫,૦૦૦/-માંથી અંદાજિત ખર્ચ રૂ. ૪,૪૦,૦૦૦/- બાદ કરતા વધતી રકમ અંદાજિત રૂ. ૫,૩૫,૦૦૦/- જેવી માતબર રકમ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડમાં જમા થશે.

આગામી ૩૫મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૯-૧૨-૨૦૨૪ને રવિવારના રોજ, અમદાવાદમાં યોજવાનું શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના નેજા હેઠળ નક્કી થયેલ છે. સ્થળ અને પ્રોગ્રામ આવનાર અંકોમાં તથા વ્હોટસ અપ માધ્યમથી આપશ્રીને જણાવવામાં આવશે. જેની નોંધ લઈ આપની અનુકુળતા પ્રમાણે અધિવેશનમાં હાજરી આપવાની અનુકુળતા ગોઠવશો.

– અસ્તુ.

# અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદનો ઇતિહાસ

## ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન - નડિયાદ, તા. ૩૧, ડિસેમ્બર, ૨૦૨૩

## મંત્રીશ્રી સમીરભાઈ એસ. દવેનો અહેવાલ



શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની સ્થાપનાનો વિચાર તા. ૦૯-૦૨-૧૯૮૬માં શ્રી સ્વામીનારાયણ સંસ્થાના પીઠ ગાદી સ્થાન વડતાલ મુકામે જ્યાં સાક્ષાત લક્ષ્મીનારાયણ દેવ બીરાજમાન છે એવા ધામમાં થયો. ત્યારબાદ જ્ઞાતિ સમાજના વિવિધ લોકો ભેગા થઈ, સભાઓ કરતા આ સભાઓમાં સમાજ સુધારાના ખ્યાલથી શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સભા (એટલે કે જ્ઞાતિજનોનું હિત વધારનાર) નામ રાખવામાં આવેલું.

શ્રી અખીલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ જે બાજખેડાવાળ સમાજનું રાષ્ટ્રીય એકમ છે અને તે તેના નામથી કાર્યક્ષેત્રની ખબર પડે. મુખ્ય ત્રણ પ્રવૃતિઓ નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાતિ સમાજની નિરાધાર વ્યક્તિને વિશિષ્ટ સહાય ફંડ દ્વારા દર માસે આર્થિક સહાય અપાય છે.

(૨) જ્ઞાતિ સમાજનું મુખપત્રક 'બાજખેડાવાળ પત્રિકા' દર માસે પ્રસિદ્ધ કરાય છે.

(3) સમાજના વિકાસ માટે રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરવામાં આવે છે.

(૧) હિતવર્ધક સભાના વિશિષ્ટ સહાય ફંડની રકમમાં વધારો કરવો તેનો કાયમી ટ્રસ્ટ ફંડ તરીકે સ્વીકારવો અને વ્યાજની રકમમાંથી જ વિશિષ્ટ સહાયની ચૂકવણી કરાય છે. છેલ્લા ૧૪ વર્ષના ગાળા દરમ્યાન વિવિધ સ્થળોએ અધિવેશન સંપન્ન કર્યા જેમાં જ્ઞાતિજનોના સાથ સહકારથી રકમમાં વધારો થયો છે. પ્રમુખશ્રી કિરીટભાઈ દવેએ સક્રિય કઠોર પરિશ્રમ તેમજ કુશળતા અને બાહોશ નેતૃત્વ પુરૂ પાડી વિશિષ્ટ સહાય ફંડની રકમ ૨૦૦૪માં રૂા. ૩૭,૭૦,૫૨૨/- થી ૩૧-૩-૨૦૨૩ના સુધી વર્ષમાં રૂા. **૨,૦૫,૦૦,૦૦૦/-** સુધી પહોંચાડી. દર માસે વિશિષ્ટ સહાય રૂા ૩૦ થી શરૂ કરી ૦૧-૦૮-૨૦૨૨થી માસિક રૂા. ૨૦૦૦/- આપણે ૫૫ કુટુંબને આપીએ છીએ. તેમજ નાની ઉંમરની ૬૦ વર્ષથી નીચેની ઉંમર ધરાવતી બહેનોના બાળકોને શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી ફી પેટેની સહાય સંસ્થાની આવકની મર્યાદાને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે.

વિશિષ્ટ સહાય આગળના વર્ષોમાં વધારીને રૂ. ૨૫૦૦/- પ્રતિમાસ આપી શકીએ આ હિતવર્ધક સભાની લાગણી અને સ્વપ્ન સાકાર કરવા આવો આપણે સૌ ભેગા મળીને સહિયારો





પ્રયત્ન કરીએ....

(૨) બાજખેડાવાળ પત્રિકાના માધ્યમથી સમાચારો આપના સુધી પહોચાડવાનો નમ્ર પ્રયાસ થયો છે. લગ્નોત્સુક યુવક-યુવતિઓના જન્માક્ષર, અવસાન નોંધ, અભિનંદન, લેખો, સમાજને જાગૃત કરવાના, કેળવવાના તેમજ શહેર ગામના મંડળો દ્વારા થનાર અને થઈ ગયેલી પ્રવૃતિઓનું સમાચાર માધ્યમથી સંગઠનના ભાગરૂપે બજાવેલ અને થયેલ કામગીરી ઉત્કૃષ્ઠ જ્ઞાતિ સમાજને પહોંચાડવાની હોય છે. સમસ્તનો સહકાર સહયોગ લઈને અને આપીને સમાજને વધુ ઉજ્જવળ તેમજ આર્થિક રીતે સદ્ધર બનાવીએ.

પત્રિકાનું મહત્ત્વ દિવસે દિવસે ઘટતું જાય છે કારણ કે હાલ મિડીયાના માધ્યમથી આપણે પત્રિકા વ્હોટસ એપ, ફેસબુક, વેબસાઈટથી જતી હોય છે અને બહુ જુના સભ્યો કે જેઓએ રૂ. ૩૦૦/-માં પત્રિકા મંગાવતા હતા તેવા ૧૯૯૬ની સાલ સુધીના સભ્ય નંબર ૩૦૦૦ સુધીના સભ્યોને પત્રિકા બંધ કરવામાં આવી છે આમ છતાં હાલ આપણે ૨૦૦૦ પત્રિકાઓ છાપીએ છીએ. જ્ઞાતિજનો દ્વારા નવા સભ્યો પણ અવિરત બનતા રહ્યા છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદની સ્થાપનાથી લઈને અત્યાર સુધીમાં જણાવ્યા પ્રમાણે અધિવેશન ભરાયાં. હિતવર્ધક સભાનું પ્રથમ અધિવેશન તા. ૩૧-૧૨-૧૯૧૧ના ઉમરેઠ મુકામે શ્રી દિવાન બહાદુર રણછોડભાઈ દવેના પ્રમુખ સ્થાને મળેલુ હતું.

| | | | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧-૧૨-૧૯૧૧ | ઉમરેઠ | પ્રમુખ શ્રી દિવાનબહાદુર રણછોડભાઈ દવે |
| (૨) | તા. ૨૯-૧૨-૧૯૧૨ | ડાકોર | પ્રમુખ શ્રી ભાઈશંકર પંડ્યા |
| (3) | તા. ૨૮-૧૨-૧૯૧૩ | ભરૂચ | પ્રમુખ શ્રી દામોદર જી. જોષી |
| (૪) | તા. ૦૪-૦૪-૧૯૧૫ | નડીયાદ | પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ મહેતા |
| (૫) | તા. ૨૩-૦૪-૧૯૧૬ | આણંદ | પ્રમુખ શ્રી વૈજનાથ પંડ્યા |
| (૬) | તા. ૩/૪-૦૪-૧૯૨૬ | મહુધા | પ્રમુખ શ્રી મંછારામ ભટ્ટ |
| (૭) | તા. ૧૮-૦૫-૧૯૪૭ | ઉમરેઠ | પ્રમુખ શ્રી ડૉ. ચંદુલાલ જોષી |

૧૯૪૭ થી ૧૯૭૨ સંસ્થા સુષુપ્ત રહી ત્યારબાદ

સંસ્થા ફરી સક્રિય થઈ જેના સ્વરૂપે આઠમું અધિવેશન ભરાયું.

| | | | |
|---|---|---|---|
| (૮) | તા. ૧૧-૦૬-૧૯૭૨ | અમદાવાદ | પ્રમુખ શ્રી ગણપતલાલ પી. ઠાકર |
| (૯) | તા. ૧૮-૧૧-૧૯૭૩ | નડીયાદ | પ્રમુખ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૦) | તા. ૨૨-૧૦-૧૯૭૪ | અમદાવાદ | પ્રમખુ શ્રી નટવરલાલ માણેકલાલ દવે |
| (૧૧) | તા. ૨૦-૦૨-૧૯૭૮ | સુરત | પ્રમુખ શ્રી નાનુભાઈ હરિપ્રસાદ દવે |
| (૧૨) | તા. ૧૮/૧૯-૧-૧૯૭૯ | ઉમરેઠ | પ્રમુખ શ્રી નંદશંકર ઉમીયાશંકર દવે |
| (૧૩) | તા. ૦૮-૦૧-૧૯૮૯ | નડીયાદ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૪) | તા. ૨૬-૦૧-૧૯૯૦ | મદ્રાસ | પ્રમુખ શ્રી હરિહર યુ. શેલત |
| (૧૫) | તા. ૧૦-૦૪-૧૯૯૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી ઘનશ્યામપ્રસાદ શેલત |
| (૧૬) | તા. ૧૮/૧૯-૧૧-૦૨ | જબલપુર | પ્રમુખ શ્રી અશ્વિનભાઈ દવે |

૧૬મું અધિવેશન જબલપુર મુકામે ૧૨૦૦ ડેલીગેટની હાજરીમાં યોજાઈ ગયું.

| | | | |
|---|---|---|---|
| (૧૭) | તા. ૦૬-૦૨-૦૫ | શ્રી ક્ષીરજાંબા | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૮) | તા. ૨૪/૨૫-૧૨-૦૫ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૧૯) | તા. ૩૦/૩૧-૧૨-૦૬ | અમદાવાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૦) | તા. ૨૯/૩૦-૧૨-૦૭ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૨૧) | તા. ૨૭/૨૮-૧૨-૦૮ | અમદાવાદ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૨) | તા. ૨૬/૨૭-૧૨-૦૯ | મદ્રાસ | પ્રમુખ શ્રી શૈલેન્દ્ર સી. દવે |
| (૨૩) | તા. ૨૫/૨૬-૧૨-૧૦ | વડતાલ | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૪) | તા. ૨૫-૧૨-૨૦૧૧ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી બળવંતરાય દવે |
| (૨૫) | તા. ૩૦-૧૨-૨૦૧૨ | વસો | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૬) | તા. ૨૮/૨૯-૧૨-૨૦૧૩ | અમદાવાદ | પ્રમુખ શ્રી કમલેશ ભટ્ટ |
| (૨૭) | તા. ૨૮-૧૨-૨૦૧૪ | મહેમદાવાદ | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૮) | તા. ૨૭-૧૨-૨૦૧૫ | મહુધા | પ્રમુખ શ્રી હરિવદનભાઈ સી. ત્રિવેદી |
| (૨૯) | તા. ૨૫-૧૨-૨૦૧૬ | ઉમરેઠ | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૦) | તા. ૨૪-૧૨-૨૦૧૭ | ક્ષીરજામ્બા | પ્રમુખ શ્રી અજીતભાઈ બી. દવે |
| (૩૧) | તા. ૩૦-૧૨-૨૦૧૮ | આશાપુરી | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| (૩૨) | તા. ૨૬-૧૨-૨૦૧૯ | આણંદ | પ્રમુખ શ્રી રાજેશભાઈ પી. દવે |
| | ૨૦૨૦ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| | ૨૦૨૧ | કોરોના | પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા |
| (૩૩) | તા. ૨૫-૧૨-૨૦૨૨ | આણંદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |
| (૩૪) | તા. ૩૧-૧૨-૨૦૨૩ | નડીયાદ | પ્રમુખ શ્રી કિરીટભાઈ એમ. દવે |

તા. ૨૨-૮-૨૦૦૪ના રોજ હિતવર્ધક સભાના અત્યાર સુધીના ઇતિહાસમાં નાની ઉંમરના ખુબ જ ઉત્સાહિત ખંતીલા, સેવાની ભેખ લઈને નિકળેલા શ્રી કિરીટભાઈ દવે પ્રમુખ મલ્યા જેમણે જ્ઞાતિ સમાજની કુળદેવીનું સ્થાન છે. એવા શ્રી ક્ષીરજમ્બા-ખેડબ્રહ્મા મુકામે ૧૭મું અધિવેશન ભરવાનો વિચાર રજૂ કર્યો. સાથે સાથે અંબાજી દર્શન પણ થાય તેવા શુભ આશય સાથે જંગલમાં મંગલ જેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી જેમાં જ્ઞાતિસમાજના સભ્યો માટે ફક્ત રૂા. ૫૧/-નું રજીસ્ટ્રેશન રાખેલ હતું. હિતવર્ધક સભાના કારોબારી સભ્યો તેમજ અતિથિ વિશેષશ્રીઓ દ્વારા સુંદર સહયોગ સ્વરૂપે આ અધિવેશનના ૨૧૦૦ સભ્યોએ ભાગ લીધો.

સમગ્ર ખર્ચને બાદ કરતાં અધિવેશનની આવકની બચત રૂા. ૧,૭૩,૦૦૦/- રકમ વિશિષ્ટ સહાય ફંડ ખાતે લઈ જવામાં આવી.

૧૮મા અધિવેશનમાં આણંદ મંડળ દ્વારા રૂ. ૯૪,૦૦૦/-ની રકમ સભાને મળેલ.

૧૯મું રાષ્ટ્રીય અધિવેશન હિતવર્ધક સભા દ્વારા રૂ. ૨,૧૩,૩૩૬/-ની રકમ સભાને મળેલ છે.

૨૦માં અધિવેશન નડીયાદ દ્વારા રૂ. ૨૦,૦૦૦/- સભાને મળેલ છે.

૨૧માં રાષ્ટ્રીય અધિવેશન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ દ્વારા સભાને રૂા. ૫,૩૦,૦૦૦/- મળેલ છે.





૨૩મું રાષ્ટ્રીય અધિવેશન વડતાલ મુકામે હિતવર્ધક સભાના નેજા હેઠળ યોજાયેલ જેમાં સંસ્થાને રૂ. ૧,૩૨,૦૦૦/- મળેલ છે.

૨૪મું રાષ્ટ્રીય અધિવેશન બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા સભાના કુલ ૨,૩૪,૦૦૦/- મળેલ છે.

૨૫માં રાષ્ટ્રીય અધિવેશનમાં પણ રૂ. ૩,૫૩,૦૦૦/- જેટલી વિશિષ્ટ સહાય ફંડમાં રકમ મળેલ છે.

૨૬માં રાષ્ટ્રીય અધિવેશનમાં અમદાવાદ ખાતે રૂ. ૧૨ લાખ જેવી રકમ સભાને મળેલ છે.

૨૭માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહેમદાવાદ સમાજ દ્વારા રૂ. ૨,૩૮,૮૬૫/- સભાને મળેલ છે.

૨૮માં રાષ્ટ્રીય અધિવેશનમાં મહુધા સમાજ દ્વારા રૂ. ૧,૧૧,૧૧૧/-સભાને મળેલ છે.

૨૯માં રાષ્ટ્રીય અધિવેશનમાં ઉમરેઠ મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના દ્વારા રૂ. ૧૦,૫૫,૦૦૦/-ની રકમ સભાને એકત્રિત કરેલ છે.

૩૦માં રાષ્ટ્રીય અધિવેશનમાં ક્ષીરજામ્બા મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૫,૦૯,૬૦૨/-ની રકમ એકત્રિત કરેલ છે.

૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં આશાપુરી મુકામે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા રૂ. ૪,૦૧,૧૫૦/-ની રકમ એકત્રિત કરેલ છે.

૩૨માં રાષ્ટ્રીય અધિવેશનમાં આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના દ્વારા રૂ. ૫,૫૦,૦૦૦/-ની રકમ સભાને મળેલ છે.

૩૩માં રાષ્ટ્રીય અધિવેશનમાં આણંદ મુકામે શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદના દ્વારા રૂ. ૪,૮૫,૦૦૦/-ની રકમ સભાને મળેલ છે.

૧૯૭૨ થી આ સંસ્થાને સજીવન કરવામાં આવેલ. તે વખતના પ્રમુખશ્રીઓએ જુદા જુદા ગામોની મિલકત માટે, વસતિપત્રક માટે, લગ્નપ્રથા, તેમજ સંસ્થાને બંધારણીય દ્દષ્ટિએ વ્યવસ્થિત કરવાના પ્રયત્નો કર્યા.

આ વિશિષ્ટ સહાય ફંડ ભેગુ કરવામાં જ્ઞાતિના ભૂતપૂર્વ પ્રમુખો, હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ તથા જ્ઞાતિજનો દ્વારા સંસ્થાને એક યા બીજી રીતે આર્થિક સહાય પૂરી પાડવામાં સિંહફાળો રહેલો છે. ૧૯૭૬માં રૂ. ૧૨ થી શરૂ કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ સહાયની રકમ વધતા ૧૯૮૬માં રૂા. ૫૦, ૧૯૯૮-૯૯માં રૂા. ૧૫૦/- ત્યારબાદ રૂા. ૧૮૦/-, રૂા. ૨૦૦/, રૂા. ૨૫૦/- રૂા. ૪૨૫/-, રૂા. ૪૭૫/-, રૂ. ૬૦૦/- તેમજ ૧-૧૨-૨૦૧૪થી રૂ. ૭૫૦/-, તા. ૧-૧૨-૨૦૧૫થી રૂ. ૧૦૦૦/-, તા. ૨૮-૧-૨૦૧૮થી રૂ. ૧૩૦૦/- આપવાના શરૂ કરેલ છે. જે રકમ હવે તા. ૦૧-૦૮-૨૦૨૨થી રૂ. ૨૦૦૦/- આપવાનું ઠરાવેલ છે.

ચાલુ સાલે તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ રૂ. ૨ કરોડ ૫ લાખ રૂપિયા રોજ ફિક્સ ડિપોઝીટ તરીકે (બેન્કોના વ્યાજ ઓછા થતા યુ.ટી.આઈ. મ્યુચ્યુઅલ ફંડમાં રકમો રોકવામા આવેલ છે. અત્યાર સુધીના અનુભવો પ્રમાણે ૧૦% થી ૧૩% જેવી રકમ વ્યાજ અથવા ડિવિડન્ડ તરીકે મળે છે)

હાલ ૫૫ બહેનો x રૂ. ૨૦૦૦/- = રૂ. ૧,૧૦,૦૦૦/- પ્રત્યિક માસે એક કુલ મળી વાર્ષિક રૂ. ૧૩,૨૦,૦૦૦/-ની માતબર રકમ વિશિષ્ટ સહાય પેટે આપવામાં આવે છે. જેથી વહીવટદારોના

સુઝબુઝથી પોતાના ફંડને વધુમાં વધુ આવક મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે અને આ રકમો ચૂકવાય છે. આમ ઉત્તરોત્તર પ્રગતિ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

હાલની મોંઘવારીમાં વિશિષ્ટ સહાયની રકમ ઓછી ગણાય. દેશ-વિદેશમાં વસતા આપણા સગાસંબંધી મિત્ર વર્તુળમાં સર્વે જ્ઞાતિજનોને વિનંતી સહ ફરીથી વિશિષ્ટ સહાય ફંડની રકમ વધારે ભેગી કરી તેના વ્યાજમાંથી અપાતી રકમ વધારે ચુકવી શકીએ તેવા ઘનિષ્ઠ પ્રયાસો હિતવર્ધક સભા આપના દ્વારા કરે છે જેને આપ સર્વે બળ આપી વધારી જ્ઞાતિ સમાજના નિરાધાર - શારિરીક અશક્ત અને જરૂરીયાત મંદ વ્યક્તિઓને સહાય કરવાનો પ્રયાસ કરીએ.

વિશિષ્ટ સહાય ફંડમાં વધારો કરવા માટે આપ મોટી રકમથી સહાય કરી શકો તેવું જ નથી આપના દ્વારા અપાયેલ નાનામાં નાની રકમ પણ “ટીપે ટીપે સરોવર” ભરાય તેવી મદદરૂપ થઈ શકે છે. આપનો જન્મદિવસ હોય, આપની લગ્નની તિથી હોય, માતા-પિતા, દાદા-દાદી, ભાઈ-બહેન કે કુટુંબના કોઈ સ્વજન વિશેષ સિદ્ધિ મેળવી હોય તેવી માહિતી સાથે યોગ્ય રકમ આપી આ વિશિષ્ટ સહાય ફંડને વધારવામાં ખૂબ જ ઉપયોગી બની શકો છો. આપની આ નાની-નાની સહાય કેટલો મોટો ફંડ બની જશે.

કાળક્રમે કોરોના મહામારીના પગલે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાને મળતી રકમોમાં થોડી ઓટ આવી છે તેવું કહીએ તો અસ્થાને નથી આપશ્રી આપના કુટુંબના સારા નરસા પ્રસંગે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપશે તો પણ બધી રકમ ભેગી થતા દિવસે દિવસે ઉત્તરોત્તર ફંડ વધારવામાં મદદ રૂપ થશે અમારા અનુભવ પ્રમાણે છેલ્લા ચાર વર્ષમાં અધિવેશનની આવક સિવાય અન્ય આવકો નહિવત થયેલ છે. હવે આ પરિસ્થિતિમાંથી જલદીથી બહાર આવી આપણા સમાજની વિધવા-ત્યક્તા બહેનોને વધુ મદદરૂપ થવાના પ્રયત્ન કરવા પડશે. તમને કદાચ એવું લાગતું હશે કે માતબર રકમ સંસ્થા પાસે ભેગી થઈ ગઈ છે. પરંતુ સાથે સાથે વ્યાજના દરો ઘટતા વ્યાજની આવક ઓછી થવાથી આ રકમમાં કદાચ ઘટાડો કરવાની પરિસ્થિતિ ના આવે તે જોવાની આપણી સહચારી ફરજ છે.

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો જ્ઞાતિ સમાજના તમામ ભાઈઓ-બહેનો દ્વારા આ ભગીરથ યજ્ઞને પાર પાડવા જે કોઈ સહકાર આપેલ છે. તે બદલ સૌનો આભાર. આપ સર્વે જ્ઞાતિજનોને કોટી કોટી અભિનંદન.

**- સમીરભાઈ દવે (મંત્રીશ્રી)**





## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - અધ્યક્ષશ્રી



| | | |
|---|---|---|
| Name | : | Mauleshkumar R. Mehta |
| Education | : | B.Com. LLB., Practice As Advocate at Nadiad, Anand, Ahmedabad District Giving service as Treasurer at Bajkhedaval Samaj Nadiad also contacted with religious and Social institutions and giving Honorary Lega Service to them |
| Father | : | Late Rameshchandra Jayanandbhai Mehta he was advocateand Notary public Government of India also Notary public Government of India also secretary of Gujarat Khadut Samaj President of Railway Bar Association he was also president of Bajkhedaval Vayast Mandal we was giving is legal and social to charitable and social Institutions |
| Mother | : | Harshaben Daughter of Late Harilal Bhatt grand daughter of Pranshankar Bhatt Ahmedabad |
| Wife | : | Bhavnaben Royal Family Navanagar now Jamnagar her great grand father Jam Ranjitsinhji on who's name we play cricket Ranjit Trophy and also one another trophy play on her family Duleep trophy |
| Daughter | : | Ruchira She has down BBA in sales and marketing |
| Son | : | Jyotirmay studying in Dentel he is tennis and soft tennis player he has represented INDIA in Phillipeans and also represented Gujarat in other state. |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી, અમદાવાદ

## ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન - નડિયાદ, તા. ૩૧, ડિસેમ્બર, ૨૦૨૩

### *પ્રમુખશ્રીનું નિવેદન શ્રી પ્રણવભાઈ શશીકાન્તભાઈ જોષી*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા નડિયાદ મુકામે ઈપ્કોવાળા હોલ ખાતે આયોજીત ૩૪મું રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર ભારતના ગામોમાં વસતા બાજખેડાવાળ જ્ઞાતિજનો એકમેકને મળી અને વિચારોની આપ–લે થાય. સંબંધો ગાઢ બને તથા આનંદ–પ્રમોદ કરવાનો શુભ અવસર છે. સંસ્થાને અભિગમ આવા આયોજન થકી વધતી આવકમાંથી ખર્ચ બાદ કરતા વધતી રકમનો ઉપયોગ સમાજની વિધવા બહેનોને આર્થિક સહાય કરવાનો છે. જે ખરેખર એક અનુકરણીય કાર્ય છે. જે સહાય રૂ. ૩૦/–થી શરૂ કરી આજે પ્રતિ માસે રૂ. ૨૦૦૦/–એ પહોંચ્યા છે. આ માટે સમગ્ર જ્ઞાતિજનો તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યોનો ખૂબ જ ફાળો રહેલ છે. આ અધિવેશનમાં હાજર રહેનાર સૌ જ્ઞાતિજનોનો શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી. અમદાવાદ આભાર માને છે. અહેસાનની લાગણી અનુભવે છે અને અધિવેશન સફળ બને તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ. આવા અધિવેશન દર સાલ ગામે ગામે યોજાતા રહે અને જ્ઞાતિજનો સદાય આનંદ કરતા રહે તેવી શુભેચ્છા.*

*જય મહાદેવ*

*"સૌનો સાથ – જ્ઞાતિનો વિકાસ"*

૩૪મું રાષ્ટ્રીય અધિવેશન વિશેષાંક–૨૦૨૩

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી - વલ્લભ વિદ્યાનગર

## ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન - નડિયાદ, તા. ૩૧, ડિસેમ્બર, ૨૦૨૩

### *ઉપપ્રમુખશ્રીનું નિવેદન શ્રી જગદીશભાઈ પ્રાણશંકર દવે*



*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ દ્વારા નડિયાદ મુકામે ઈપ્કોવાળા હોલ ખાતે આયોજીત ૩૪મું રાષ્ટ્રીય અધિવેશનમાં તા. ૩૧–૧૨–૨૦૨૩ના રવિવારના રોજ ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહેલ છે. આ તબક્કે શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ તરીકે આપ સૌને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ઈતિહાસનો હું છેલ્લા પર વર્ષથી સાક્ષી છું ખૂબ જ નાની પ્રવૃત્તિઓથી શરૂ કરેલ સંસ્થા આજે એક ખૂબ જ વિશાળ વટવૃક્ષ બની છે જેમાં શંકાને સ્થાન નથી. અગાઉ અધિવેશનો યોજાતા હતા જેમાં નિયમિતતા નહોતી પરંતુ યુવાન અને બાહોશ પ્રમુખશ્રી કિરીટકુમાર દવેની ૨૦૦૪ની સાલમાં પ્રમુખ તરીકે નિમણૂંક થતાં અધિવેશનની વણથંભી વણઝાર (કોરોનાને બાદ કરતાં) નિયમિત રીતે ચાલુ હતી. ૨ વર્ષના વિરામ બાદ ચાલુ સાલથી ફરી આ યાત્રા અવિરત પણે ચાલશે તેમાં શંકાને સ્થાન નથી.*

*અધિવેશનો, મેળાવડાઓ, મેરેજ કોન્ફરન્સો, સમૂહ જનોઈ, નવચંડી યજ્ઞ, વડીલોનું સન્માન સમારંભ, લઘુરૂદ્ર, શરદોત્સવ, નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ જેવા કાર્યક્રમો ગામે ગામના મંડળો દ્વારા યોજાય છે. જ્ઞાતિ સમાજના જ્ઞાતિજનો એકબીજાથી નજીક આવે અને વધુ સારી રીતે જ્ઞાતિને આગળ વધારવામાં મદદરૂપ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.*

*આ પ્રસંગેશ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ તથા અધિવેશનને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે નામી–અનામી સૌ દાતાઓ, ઉદ્‌ઘાટકશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ, અતિથી વિશેષશ્રીઓને આવકારતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.*

*સૌને મારા જય માતાજી*

*"સૌનો સાથ – જ્ઞાતિનો વિકાસ"*

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - ઉદ્દ્ઘાટકશ્રી



### ડો. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ

**જન્મ તા. ૦૨-૦૫-૧૯૩૨** **વતન - ઉમરેઠ**

શૈક્ષણિક - પ્રાથમિક-માધ્યમિક કેળવણી ઉમરેઠમાં લીધી. ત્યારબાદ ઉમરેઠ કેળવણી મંડળની એચ. એમ. દવે હાઈસ્કૂલમાં ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી સેવા આપી. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી આણંદ શારદા હાઈસ્કૂલમાં સેવા આપી. ૧૯૬૪ થી ૧૯૭૧ મોરબીમાં સેવા આપી. દરમ્યાન બી.એ., એમ.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૭૦ થી ૧૯૯૨ સુધી અધ્યાપક તરીકે N. S. Patel Arts College માં સેવા આપી. દરમ્યાન Ph.D. ની ડીગ્રી મેળવી. ૧૯૯૨માં નિવૃત્ત થયા.

ગુજરાત રાજ્ય સોશ્યલ વેલફેર બોર્ડના સભ્ય તરીકે સેવા આપી. સરદાર પટેલ યુનિ.ની સેનેટમાં સભ્યપદે રહી સેવા આપી. અખિલ હિંદ મહિલા પરિષદના ગુજરાત શાખાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ગુજરાત રાજ્ય બાલકલ્યાણ સંઘની વિદ્યાનગર શાખામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ભગિની સેવા સમાજના પ્રમુખ તરીકે આણંદમાં બાજખેડાવાળ મહિલા મંડળની સ્થાપના કરી. મહિલા મંડળને પ્રવૃતિશીલ કરી કાર્યરત કર્યું. આજે પણ મહિલા મંડળ ઉત્તમ રીતે પ્રવૃતિ કરી રહ્યું છે.

બે દિકરા અને બે દિકરી યુ.એસ.એ.માં રહેતા હોવાથી ૨૦૦૧ થી અત્યાર સુધીમાં બારથી તેર વખત પ્રવાસ કર્યો અને અમેરિકા દેશના વિવિધ રાજ્યોમાં રહેવાનો અનુભવ મળ્યો. બે બેનો લંડન રહેતી હોવાથી લંડનનો પણ ૩ વખત પ્રવાસ કર્યો.

હાલ આણંદ બાજખેડાવાળ મહિલા મંડળની પ્રવૃતિઓમાં રસ લઈ વિકાસના સ્તર પર આગળ લઈ ગયા છે.

ડૉ. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટના પતિ ચન્દ્રગુપ્ત ભટ્ટ કે જેઓ સી. કે. ભટ્ટના નામે ઓળખાતા હતા. છેલ્લા ૧૦ વર્ષથી અધિવેશનના ઉદ્દ્ઘાટક તરીકે તેઓશ્રી આવતા હતા અને સમાજને માર્ગદર્શન આપતાં હતા. કોરોના કાળ દરમ્યાન લાંબી બીમારી બાદ તેઓ સ્વર્ગારોહણ થયેલ પરંતુ તેમની પરંપરા ડૉ. વનલતાબેને જાળવી રાખેલ છે. તેઓશ્રીનો આ પ્રસંગે સંસ્થા આભાર માને છે.





## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - મુખ્ય મહેમાનશ્રી



### શ્રી શૈલેષભાઈ નટવરલાલ જોષી

“નટુકાકા”ના હુલામણા નામે ઓળખતા સ્વ. નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેન નટવરલાલ જોષીના સુપુત્ર શ્રી શૈલેષ જોષી ગુજરાત રાજ્ય વન વિભાગમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી હાલ વ્યવસાયિક નિવૃત્તિ લઈ બીજી અનેક પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાઈ પોતાના માતા-પિતાશ્રીના પગલે અનેક સામાજિક સેવાઓ આપી રહ્યાં છે. તેઓ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટી છે. તેમજ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, અમદાવાદના પણ ટ્રસ્ટી છે. છેલ્લા ૩૧ વર્ષથી તેઓએ જ્ઞાતિમાં અનેક જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈ શક્ય એટલા મદદરૂપ થવાના પ્રયત્નો કર્યા છે. તેમના પત્ની વર્ષા પણ આવા જ ઉત્સાહી, મૃદુભાષી અને પરગજુ સ્વભાવના છે. તે પોતે પણ સ્વતંત્ર રીતે ઘણી બધી સામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે. સ્વ. નટવરલાલ જોષી પરિવાર ટ્રસ્ટની સખાવતી પ્રવૃતિઓમાં પણ વર્ષાબેન અગ્રેસર રહે છે. તેમના ત્રણ પુત્રો પૈકી પુત્ર વરૂણ તેના પરિવાર સાથે ફિલિપિન્સ ખાતે યુ.એસ. કંપનીમાં સીનીયર પોસ્ટ ઉપર ફરજ બજાવે છે. હાલ વરૂણભાઈને ત્યાં ૨ વર્ષનો શિવાત્મ નામે પુત્ર છે. પ્રિયાંક આઈ.આઈ.ટી. દિલ્હીમાં રીસર્ચ સ્કોલર કમ ટીચીંગ ફેકલ્ટી તરીકે ફરજ બજાવે છે. નાનો પુત્ર મહર્ષિ અભ્યાસ સાથે સંગીતમાં વિશેષ રૂચિ લઈ ખૂબ જ આગળ પોતાની કારકિર્દી વધારી રહેલ છે.

આ સમગ્ર કુટુંબ જ્ઞાતિ માટે પોતાની ફરજ સમજી અતિ વ્યસ્તતામાંથી પણ સમય કાઢી મદદરૂપ થઈ એક દષ્ટાંત પુરૂ પાડે છે. આ કુટુંબની સેવાકીય પ્રવૃતિઓથી પ્રોત્સાહિત થઈ જ્ઞાતિજનો પણ પ્રેરણા મેળવે અને જ્ઞાતિને મદદરૂપ થાય તેવી આશા છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – મોમેન્ટોનું સૌજન્ય



### શ્રી દિગ્ના પ્રણવ જોષી

મૂળ ઉમરેઠના વતની સ્વ. શ્રી રમેશચંદ્ર મોતીલાલ દવે અને સ્વ. શ્રી ધારીણીબેનના પ્રથમ સંતાન દિગ્નાનો જન્મ સને ૧૯૮૩માં થયેલ. માતા-પિતા પાસેથી સંસ્કારોનું સિંચનની સાથે સાથે મામા-મામી શ્રી કિરીટકુમાર મંગુપ્રસાદ દવે (પ્રમુખ – શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા – અમદાવાદ, પ્રમુખ – શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી લી.) કલ્પનાબેન પાસેથી સામાજિક શીખ પ્રાપ્ત કરી અને બેચલર ઓફ સાયન્સ વીથ કેમેસ્ટ્રીનો અભ્યાસ ગોધરા મુકામે પુરો કરેલ.

ત્યારબાદ નડીયાદના વતની શ્રી હેમાબેન અને શશીકાન્ત નંદલાલ જોષીના પુત્ર પ્રણવ જોષી (એડવોકેટ એન્ડ નોટરી) સાથે લગ્નજીવન પ્રારંભ કરેલ. નવીનતમ વિચારોની સાથે સાસુ હેમાબેને વહુને દિકરી તરીકે સ્વીકારી અને લગ્ન બાદ અભ્યાસ ચાલુ કરવા પ્રેરણા આપેલ. આ માટે ગૃહસ્થી જીવનની સાથે ભણતર આગળ વધારવા માટે સાસુ-સસરા એ સતત સાનુકૂળ વાતાવરણ ઉભુ કરી આપેલ. જેના કારણે તેઓએ એલ.એલ.બીની ડીગ્રી પ્રાપ્ત કરેલ. ત્યારબાદ બાળકો ઝીલ (હાલ ધો. ૧૨ સાયન્સ અભ્યાસ) તથા ધ્યાન (હાલ ધો. ૬ અભ્યાસ)માં કરેલ. પતિના ખભે થી ખભો મેળવી અને ભારત સરકાર દ્વારા નોટરી પબ્લીક તરીકે નિમણૂંક મેળવેલ. આ સાથે સાથે શ્રી સંતરામ મંદિરના પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ દ્વારા તેઓને વાસ્તુવિશારદની માનદ પદવી આપવામાં આવેલ. તેમજ સામાજિક સેવામાં સને ૨૦૧૮થી વોટસએપ્સના માધ્યમથી બાજ મેટ્રોમોનીયલ ગ્રુપ નિ:શુલ્ક ચલાવી રહેલ છે. તેમજ સામાજીક સેવામાં અગ્રેસર રહેવાનો અને નવીન જગ્યાએ ફરવાનો તેઓને શોખ છે.

જય મહારાજ



૩૪મું રાષ્ટ્રીય અધિવેશન વિશેષાંક-૨૦૨૩

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદ – ડાયસનું સૌજન્ય



### શ્રી વૈશાલી સમીર દવે

શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવેનો જન્મ ૧૯૮૩માં ડેમોલ આણંદ ખાતે થયો હતો.

તેઓશ્રીના પિતા સ્વ. સતિષચંદ્ર મોહનલાલ દવે (જલારામ ડેરી, ડાકોર) અને માતા – ઉર્મિલાબેન સતિષચંદ્ર દવે છે. તેઓશ્રીએ પોતાની એમ.કોમ. સુધીનો અભ્યાસ ડાકોર ખાતેની ભવન્સ કોલેજમાં કરેલ છે. હાલ ડાકોર સ્થિત જલારામ ડેરીનું સંચાલન વૈશાલીબેનના ભાઈશ્રી મેહુલ સતિષચંદ્ર દવે કરે છે.

વૈશાલીબેનના લગ્ન સુભાષચંદ્ર અંબાલાલ દવે અને જયશ્રીબેન સુભાષચંદ્ર દવે, ગંગાપોળ, ઉમરેઠના સુપુત્ર સમીર સુભાષચંદ્ર દવે સાથે વર્ષ ૨૦૦૫માં થયા. હાલ તેઓ અમદાવાદ મુકામે વસવાટ કરે છે. સમીર સુભાષચંદ્ર દવે બી.કોમ., એલ.એલ.એમ.-અમદાવાદ અભ્યાસ કરેલ છે અને હાલ વ્યવસાયે એડવોકેટ છે. તેઓશ્રી જ્ઞાતિના સેવાકાર્ય માટે સદાય તૈયાર હોય છે. સમીરભાઈ જ્ઞાતિની અનેક સંસ્થાઓમાં તેમની સેવાઓ પૂરી પાડે છે.

વૈશાલીબેનને સંતાનરત્નમાં ૨ દિકરીઓ છે (૧) માર્મિકા સમીર દવે જેનો જન્મ ૨૦૦૭માં થયેલ છે. તે હાલ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. (૨) સ્વસ્તિકા સમીર દવે જેનો જન્મ ૨૦૧૨માં થયેલ છે તે હાલ ધોરણ-૫માં અભ્યાસ કરે છે.

તેઓના પરિવારે ૩૪માં રાષ્ટ્રીય અધિવેશનને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી છે.

"સૌનો સાથ – જ્ઞાતિનો વિકાસ"

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - દાતાશ્રી



**સ્વ. મહેન્દ્રભાઈ ચીમનલાલ દેસાઈ**

જન્મ તારીખ - ૦૯-૦૧-૧૯૩૩

સ્વર્ગવાસ તારીખ -૧૮-૧૨-૨૦૦૪



**સ્વ. સરલાબેન મહેન્દ્રભાઈ દેસાઈ**

જન્મ તારીખ - ૧૦-૦૮-૧૯૪૦

સ્વર્ગવાસ તારીખ - ૧૯-૧૨-૨૦૧૪

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા નડિયાદ મુકામે યોજાનાર
૩૪માં રાષ્ટ્રીય અધિવેશન પ્રસંગે શુભેચ્છા સહ
તેઓશ્રીના સુપુત્રો તરફથી

**હેમંત મહેન્દ્રભાઈ દેસાઈ - હિતેશ મહેન્દ્રભાઈ દેસાઈ**

**મૂળ મહુધા, હાલ-મુંબઈ**





## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - દાતાશ્રી



**શ્રી વર્ષાબેન શૈલેષકુમાર જોષી**

વર્ષાબેન સ્વ. અમુલખરાય ગણપતરામ ઠાકર અને સ્વ. ભારતીબેનના પુત્રી થાય. તેમના લગ્ન સ્વ. શ્રી નટવરલાલ સોમેશ્વર જોષી અને સ્વ. જયાબેનના પુત્ર શૈલેષભાઈ સાથે થયા.

શૈલેષભાઈ શ્રી અખિલ ભારતીય હિતવર્ધક સભાના ટ્રસ્ટી અને શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ અમદાવાદના સલાહકાર છે. શૈલેષભાઈ અને વર્ષાબેન વર્ષોથી જ્ઞાતિ સેવા અને સામાજીક કાર્યોમાં પ્રવૃત્ત છે.

વર્ષાબેન શાંત, મૃદુભાષી અને કાર્યશીલ છે. તેમના ત્રણ પુત્રો પૈકી વરૂણ તેની પત્ની મોનિકા અને પુત્ર શિવાત્મ સાથે હાલમાં મનીલા-ફિલીપીન્સમાં રહે છે અને યુ.એસ. કંપનીમાં ફરજ બજાવે છે. વચલો પુત્ર પ્રિયંક આઈ.આઈ.ટી. દિલ્હીમાં રીસર્ચ સ્કોલર કમ ટીચીંગ ફેકલ્ટી છે. નાનો પુત્ર મહર્ષિ ગ્રેજ્યુએશન પૂર્ણ કરી સંગીત ક્ષેત્રે પ્રવૃત્ત છે. ત્રણે પુત્રોના શિક્ષણ અને ઉજ્જવલ કારકીર્દી માટે વર્ષાબેન અથાગ મહેનત કરી છે.

વર્ષાબેન શૈલેષભાઈ નટવરલાલ જોષી પરિવાર તરફથી હરહંમેશ જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓને સહયોગ મળતો રહે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૪માં રાષ્ટ્રીય અધિવેશન નડિયાદના - દાતાશ્રી



## શ્રી ભાવનાબેન મૌલેશકુમાર મહેતા

**Family Background**

- Belong to Royal family-Jamnagar. Grand-daughter of Maharaja Pratapsinhjisaheb and Niece of present H. H. Jamsaheb and daughter of R. K. Raghuvirsinji. (Third son of Maharaja Pratapsinhjisaheb)

**Political and other background**

- My grand father Maharaj Shree Pratapsinhjisaheb was in Indian Army also. My grand father got married with Basaheb Vijaykuwarba Daughter of Shivrati Udaipur
- My grand father's real younger brother is Jamsaheb H. H. Digvijaysinhji seheb, He was always remember for his great work for poland people in second world war.
- My grand father General Himmatsinhji is my father's real younger uncle and he was the first Deputy Defence Minister of India He was Governo of Himachal pradesh.
- Great R. K. Ranjitsinhji is my grate grand-father. (A great cricketer who brought cricket in India) A cricket trophy played on him name "Ranjit trophy"
- Great R. K. Dulipsinhji is my father's real younger uncle. A cricket trophy played on him name "Dulip trophy" He was the first Indian High Commissioner at Australia.
- My father was working with Digjam and also counsilor of Jamnagar Mahanagar Palika and he was member of RSS and when RSS was at that time he played best role for RSS in Jamnagar when Keshubhai was also there and even our Prime Minister Shri Narendrabhai Modi present in that occasion. My father was studied at Rajkumar Collager Rajkot. My mother Basaheb Devendrakuwarba is second daugheter of Thakur saheb Pravinsinhji of Manekpur-Mansa.



૩૪મું રાષ્ટ્રીય અધિવેશન વિશેષાંક-૨૦૨૩

